જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૭૩૧ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશીશની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૧૭૬/૧૬

**બાપુનગરઃ** હેમલતાબહેન વા/ઓ મહેશભાઈ શાહ (ઉ.વ.૪૦) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ માસ્ટર સન્સ નામની દુકાનના ખાંચામાં બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના રહેણાંકના ભોય તળીયે રહેતી પોતાની માતા (૧) રમાબહેન વા/ઓ અમૃતભાઈ શાહ અને બહેન (૨) મિનાક્ષીબહેન ડો\ઓ અમૃતભાઈ શાહ તેમજ (૩) મારૂતિબહેન (રહે.રાણીપ) સાથે મકાન બાબતે અગાઉ ઝઘડો ચાલતો હોય, તા.૨૪/૧૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે તેમની પાસે લાઈટ બિલ લેવા જતા, લાઈટ બીલ નહી આપી બોલા-ચાલી ઝઘડો કરી, હેમલતાબહેન ઉપર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી, જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે

## બળાત્કાર અને છેતરપીંડીની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૧૭૭/૧૬

**મહિલા પોલીસ સ્ટેશન** : નાના ચીલોડા વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષની યુવતીએ તા.૨૪/૧૧/૨૦૧૬ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૮/૧૬ થી દોઢેક માસ પહેલા આરોપી ચંદન કનૈયાલાલ હિંદુજા ઉર્ફે સીધ્ધાર્થ હિન્દુજા ઉર્ફે આકાશ (રહે,રાઘવ રેસીડન્સી, દહેગામ નરોડા) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, નરોડા ગંગોત્રી હોટલમાં લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. તેમજ યુવતીનાં નામે ફોરવીલ ગાડી લેવાનું કહી, યુવતીને વિશ્વાસમાં લઇ, રોકડ રૂપિયા ૧,૦૨,૧૦૦/- મેળવી લઇ યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.ઓડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૮/૧૬**

**આનંદનગરઃ** અંજલીબહેન મનોજ મંડલ (ઉ.વ.૧૫) (રહે.કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૧ વેજલપુર) ને તા.૧૬/૧૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અશોકકુમાર અનુપ સાડા (નેપાલી) (મુળ ગામ-બરસાવા જી-સીરાહ નેપાળ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ અંજલીબહેનના પિતા મનોજ મંડલે તા.૨૪/૧૧/૧૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૯/૧૬**

**ખાડીયાઃ** અનિલભાઈ બાલુભાઈ દુમાતર (રહે. હિમ્મત એવન્યુ ઝુમખીની ખડકીલાલા વસાની પોળની સામે શાંકડી શેરી રાયપુર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૧૬ બપોરના ૪/૧૫ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૧,૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ વ્યાસ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૮૦/૧૬**

**નરોડા** : નયનભાઇ સુરેશભાઇ વ્યાસ (રહે.કૃષ્ણકુંજ સોસાયટી, ગોકુલધામ સોસાયટીની સામે, નરોડા) એ તા.૨૪/૧૧/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ/૨૦૧૩ માં આરોપી નિખીલ જયેંદ્રભાઇ વ્યાસ (રહે.મણીલાલપાર્ક સોસાયટી, કઠવાડા રોડ નરોડા) એ નયનભાઇ પાસેથી ગાડી છોડાવવા સારૂ ૫૦,૦૦૦/- ડાઉન પેમેન્ટ પેટે મેળવી, પૈસા પરત નહીં આપી તેમજ નયનભાઇની નિશાંત માઇકા ગાડી નં.જીજે.૧.આર.બી.૧૨૪૭ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- નયનભાઇ પાસેથી બે દિવસ માટે ફરવા સારૂ લઇ જઇ બાદમાં તે ગાડી કોઇ અન્ય વ્યક્તિને વેચાણ આપી, અવેજના પૈસા મેળવી લઇ નયનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી જે.ડી.પરમાર ચલાવે છે

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૮૧/૧૬**

**વેજલપુર** : ફૈઝાન રિયાઝખાન પઠાણ (રહે, અમન રો હાઉસ બરફની ફેક્ટરી પાસે વિશાલા સર્કલ પાસે જુહાપુરા) એ તા.૨૪/૧૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાનાં સુમારે જુહાપુરા વિશાલા સર્કલની બાજુમાં રોડ ઉપર, એફ.ડી હાઇસ્કુલ સામેથી રસ્તો ક્રોસ કરતી એક ૪૫ વર્ષના આશરાની સ્ત્રી (જેના નામ-સરનામાની ખબર નથી) ને એક અજાણ્યા એક્ટીવા ચાલકની એક્ટીવાથી ટક્કર વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વી.એસ.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૧૧/૧૬ સવારનાં ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રામાભાઇ પ્રતાપભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**માધવપુરા** : નિશાબહેન ડો\ઓ અતુલભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે. ભગવાનદાસની ચાલી ,સ્લમ ક્વાટર્સની બાજુમાં મહેદીકુવા માધવપુરા) ને તેની માતાએ સ્કુલમાં જવા બાબતે ઠપકો આપતા મનમાં લાગી આવતા તા.૨૪/૧૧/૧૬ ના કલાક ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે નિશાબહેને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિંહ આદિયાભાઈ ચલાવે છે.

**ઓઢવ** : સુધાબહેન વા\ઓ અજયભાઇ વિરેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૨૫)(રહે. રામદેવનગર સોસાયટી, ગુરુદ્વારાની પાસે, સોલીસિટર સામે ઓઢવ) એ પોતાના ઘરે તા.૨૪/૧૧/૨૦૧૬ ના કલાક ૮/૦૦ વાગ્યાનાં સુમારે તેમના પતિએ ટીફીન બનાવી દેવાનુ કહેતા, સુધાબહેને ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ એ.સી.પી.શ્રી “આઇ” ડિવિઝન નાઓ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)